પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૫૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૭-૦૨-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ત્રિપુરાની ૬૦ વિધાનસભા બેઠકો માટે ભારે મતદાન થયું : દક્ષિણ ત્રિપુરામાં મતદાન મથકની બહાર મારપીટ

અગરતલા,

ત્રિપુરાની ૬૦ વિધાનસભા બેઠકો માટે સવારે ૭ વાગ્યાથી કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન શરૂ થયું જે સાંજના ચાર વાગે પુરૂ થયું હતું. ૬૦ બેઠકો પર ભારે મતદાન થયું હોવાના અહેવાલો છે બપોરના ૧ વાગ્યા સુધી ૫૦.૪૦ ટકા ટકા જેટલું મતદાન નોંધાયું હતું જયારે સાંજેના ચાર વાગ્યા સુધી ૭૨ ટકા સરેરાશ મતદાન થયું હતું મતદાન માટે રાજ્યમાં કુલ ૩,૩૨૮ મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા હતાં મતદારોએ ૨૫૯ ઉમેદવારોના ભાવિનો નિર્ણય ઈવીએમ મશીનમાં સીલ કર્યો હતો એ યાદ રહે કે ચુંટણીનું પરિણામ ૨ માર્ચે જાહેર થશે મતદાન દરમિયાન કેટલાક સ્થળોએ મતદાન મશીન બગડી ગયા હોવાની ફરિયાદો આવી હતી.

સવારે સાત વાગે મતદાન શરૂ થયા પહેલા કેટલાક મતદાન મથકો પર મતદારોની લાઈનો જોવા મળી હતી જેમાં ખાસ કરીને મહિલાઓ અને યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો ત્રિપુરાના સીએમ માણિક સાહાએ અગરતલામાં મતદાન કર્યુ હતું. મુખ્યમંત્રી ડો. માણિક સાહા બોરદાવલીની મહારાણી તુલસીબાતી ગર્લ્સ સ્કૂલ ખાતેના મતદાન કેન્દ્ર પર મતદાન કર્યુ હતું.

## CPEનો સમર્થક ઘાયલ :
## ૬૦ બેઠકો પર ૨૫૯ ઉમેદવારોનું ભાવી EVMમાં સીલ



પોતાનો મત આપતા પહેલા તેમણે કહ્યું કે ત્રિપુરામાં ફરીથી ભાજપની સરકાર બનશે.સીએમ માણિક સાહા ટાઉન બારડોલીથી ભાજપના ઉમેદવાર છે. આ ઉપરાંત વિવિધ પક્ષોના આગેવાનોએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.ભારત- બાંગ્લાદેશ સરહદ પર જોયનગર ખાતે ફેન્સીંગ વિસ્તારની અંદર રહેતા મતદારો મતદાન કરવા પહોંચ્યા હતાં ત્રિપુરા પશ્ચિમમાં ૧૩-પ્રતાપગઢ એસી અરલિયા ખાતે ટ્રાન્સજેન્ડર મતદારોએ તેમનો મત આપ્યો હતો ત્રિપુરાના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના સાંસદ બિપ્લબ દેવે ગોમતીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે અમે કોઈ પણ ચુંટણીને મોટી કે નાની માનતા નથી જનતા સુપ્રીમ છે એ અમારૂ કર્તવ્ય છે કે અમે તેનું સમ્માન કરીએ જનતાએ અમને ૨૦૧૮માં સત્તા સોંપી હતી અમે પ્રદેશના દરેક સેકટરમાં કામ કર્યુ છે આશા છે કે ભાજપ આ ચુંટણીમાં બહુમતિ હાંસલ કરશે મુખ્ય ચૂંટણી અધિકારી ગિત્તે કિરણકુમાર દિનકરરાવે જણાવ્યું કે ૩,૩૨૮ મતદાન મથકો પર મતદાન થયું હતું તેમાંથી ૧,૧૦૦ બૂથ સંવેદનશીલ છે, જ્યારે ૨૮ બૂથ અતિસંવેદનશીલ છે. આ વિસ્તારોમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.ચૂંટણી પ્રચાર પૂરો થતાંની સાથે જ રાજ્યમાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી હતી.પ્રદેશના ગોમતી જીલ્લાના ઉદયપુરમાં લોકો સવાર સવારમાં ભારે સંખ્યામાં મતદાન કરવા પહોંચ્યા હતાં.અગરતલામાં મહાની તુલસીબતી ગર્લ્સ હાઈસ્કુલની બહાર લાઈનમાં લાગેલ એક વ્યક્તિની તબિયત બગાડી હતી જેને બેભાન થઈને ઢળી પડયો હતો આથી તેને તાકિદે હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. સાઉથ ત્રિપુરાના ૩૬ શાંતિર બજારમાં કલાચેરા બુથની બહાર એક સીપીઆઈ સમર્થકની પિટાઈ કરવામાં આવી હતી પોલીસે તેને હોસ્પિટલ ખસેડયો હતો. હરિપુર ગામના (દાસપારા) ઋષિમુખમાં હુમલો કરી મતદારોને મત આપતા રોકવામાં આવ્યા હતાં તેની વીડિયો સોશલ મીડિયા પર વાયરલ થયો છે.

મુખ્ય ચૂંટણી અધિકારી જી. કિરણકુમાર દિનાકારોએ જણાવ્યું હતું કે, સ્વતંત્ર, ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે ચૂંટણી કરાવવા માટે ૩૧,૦૦૦ પોલિંગ કર્મચારીઓ અને કેન્દ્રીય દળોના ૨૫,૦૦૦ સુરક્ષા કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતાં આ ઉપરાંત રાજ્ય સશસ્ત્ર પોલીસ અને રાજ્ય પોલીસના ૩૧,૦૦૦ જવાનો કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તૈનાત કરવામાં આવ્યા હતાં મુખ્ય ચુંટણી ધિકારી ઓફિસે કોંગ્રેસ અને ભાજપને નોટીસ મોકલી છે બંન્ને પક્ષોએ આદર્શ આચાર સંહિતા લાગુ થયા બાદ સત્તાવાર હેંડલથી ટ્વીટ કરી પોતાના પક્ષમાં મતદાનની અપીલ કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ત્રિપુરા ચૂંટણીમાં મતદારોને મતદાન કરવાની અપીલ કરી હતી અમિત શાહે ટ્વિટ કરીને કહ્યું કે, "ત્રિપુરાના તમામ લોકો ભાઈઓ અને બહેનોને વિનંતી છે કે પહેલાથી જ ચાલી રહેલ શાંતિ અને પ્રગતિના વલણને ચાલુ રાખવા અને પ્રગતિશીલ સરકાર બનાવવા માટે તમારા મતદાનના અધિકારનો ઉપયોગ કરો. બહાર આવો અને સમૃદ્ધ ત્રિપુરાના નિર્માણ માટે મતદાન કરો.જયારે મતદાન શરૂ થતાની સાથે જ ૨૪ રામચંદ્ર ઘાટના ઈવીએમમા ખામી સર્જાઈ હતી આથી મતદાન થોડા સમય માટે મતદાન બંધ કરવામાં આવ્યું હતું સીપીએમ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી માણિક સરકારે આરોપ લગાવ્યો કે ભાજપ તરફથી અસામાજિક તત્વ લોકોને મત મતદાન કરતા અટકાવવામાં આવ્યા હતાં.


## ઘણા દેશોના આર્થિક સંકટ વચ્ચે વર્લ્ડ બેંકના પ્રમુખે રાજીનામું આપ્યું

વોશિગ્ટન,

ડેવિડ મલપાસે જાહેરાત કરી છે કે, તેઓ આબોહવા પરિવર્તન નીતિઓને લઈને રાષ્ટ્રપતિ જો બાઈડનના પ્રસાશનના સાથે અણબનાવ બાદ વિશ્વ બેંકના અધ્યક્ષ પરથી રાજીનામું આપી રહ્યા છે. તેમણે બુધવારના રોજ જણાવ્યું હતું કે, તેઓ પોતાના પાંચ વર્ષના કાર્યકાળ દસ મહિના પહેલા જૂનમાં આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થા છોડી દેશે.

નોંધપાત્ર વાત એ છે કે, તેમણે એવા સમયે રાજીનામું આપવાની જાહેરાત કરી છે, જ્યારે વિશ્વના ઘણા દેશો ગંભીર નાણાકીય સમસ્યાઓનોસામનો કરી રહ્યા છે.વિશ્વ બેંકના વડાની નિમણૂક કરવી તે યુએસ પ્રમુખનો વિશેષાધિકાર છે. બાઈડન માલપાસના અનુગામીની નિમણૂકકરશે. માલપાસ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નજીક હતા, જેમની નિમણૂક ૨૦૧૯ માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા દ્વારા યંગકિમના પદ છોડ્યા બાદ કરવામાં આવી હતી.

માલપાસે ટ્રમ્પના ૨૦૧૬ની પુનઃચૂંટણી ઝુંબેશમાં કામ કર્યુ હતું અને



વિશ્વ બેંકમાં જતા પહેલા આંતરરાષ્ટ્રીય બાબતોના ટ્રેઝરી અન્ડરસેક્રેટરીહતા. બાઈડન કરતાં વૈચારિક રીતે ટ્રમ્પની નજીક રહેલા માલપાસે ગયા વર્ષે ન્યુયોર્ક ટાઈમ્સની એક ઈવેન્ટમાં સ્વીકારવાનો ઈકાર કર્યો હતો કે,માનવસર્જિત ગ્રીનહાઉસ વાયુઓના પરિણામે વાતાવરણમાં ફેરફાર થયો હતો.

આ વિષય પર ભાર મૂકતા તેમણે જણાવ્યું હતું કે, હું વૈજ્ઞાનિક નથી. આના પર પૂર્વ ઉપરાષ્ટ્રપતિ અલ ગોર સહિત અન્ય ઘણા લોકોએ તેમની ટીકા કરી હતી.થોડા દિવસો બાદ માલપાસે યુ-ટર્ન લીધો હતો, વિશ્વ બેંકના સ્ટાફને પત્ર લખ્યો કે, તે સ્પષ્ટ છે કે, માનવ પ્રવૃત્તિઓમાંથી ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન આબોહવા પરિવર્તનનું કારણ બની રહ્યું છે.

વિશ્વ બેંકની તેલ અને ગેસ પ્રોજેક્ટને નાણાં આપવાનું યથાવત રાખવા બદલ ટીકા કરવામાં આવી છે. પોતાના પદ છોડવાના નિર્ણયની જાહેરાત કરતા માલપાસે જણાવ્યું હતું, વિકાસશીલ દેશો સામે અભૂતપૂર્વ કટોકટીનો સામનો કરી રહ્યા છે, મને ગર્વ છે કે, બેંકે કટોકટીનો અસરકારક રીતે જવાબ આપ્યો છે.બેંકે જણાવ્યું હતું કે, માલપાસના નેતૃત્વ હેઠળ, બેંકે વૈશ્વિક કટોકટી, કોરોના મહામારી, યુક્રેનમાં યુદ્ધ, તીવ્ર વૈશ્વિક આર્થિક મંદી, બિનટકાઉ દેવાનો બોજ, આબોહવા પરિવર્તન અને ખોરાક, ખાતર માટે ૪૪૦ બિલિયન ડોલર એકત્ર કર્યા છે.

આ પહેલા માલપાસે રિપબ્લિકન રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગન અને જ્યોર્જ એચડબલ્યુ બુશ સાથે પણ કામ કર્યુ હતું. જોકે, ૧૯૯૩માં તેઓ બેરસ્ટન્સ નામની ઈન્વેસ્ટમેન્ટ કંપનીના મુખ્ય અર્થશાસ્ત્રી બન્યા હતા, જે ૨૦૦૮ની નાણાકીય કટોકટીમાં પડી ભાંગી હતી. જે બાદ તેમણે પોતાનીઆર્થિક સલાહકાર પેઢીની સ્થાપના કરી અને સેનેટની ચૂંટણીમાં રિપબ્લિકન નોમિનેશન માટે અસફળ બિડ કરી હતી.

## એક રાજ્યપાલ સરકારની રચનામાં કે રાજકારણમાં દખલ ના જ કરી શકે : સુપ્રીમકોર્ટ વિફરી


નવીદિલ્હી,

મહારાષ્ટ્રમાં એકનાથ શિન્દેની સરકાર રચવાને પડકારતી ઉદ્ધવ ઠાકરે જૂથની અરજી પર સુનાવણી કરતા સુપ્રીમકોર્ટે તત્કાલીન ગવર્નરની ભૂમિકા સામે સવાલો ઊઠાવ્યા હતા. કોર્ટે ભગત સિંહ કોશ્યારી અંગે સવાલ ઊઠાવતાં કહ્યું કે છેવટે એક રાજ્યપાલ કેવી રીતે રાજકારણમાં દખલ કી શકે? તે રાજકીય ગઠબંધન અને સરકારની રચના અંગે કેવી રીતે ટિપ્પણી કરી શકે? કોર્ટ દ્વારા આ પ્રતિક્રિયા રાજ્યપાલ તરફથી હાજર સોલિસીટર જનરલ તુષાર મહેતાના જવાબ પર આવી હતી. મહેતાએ કહ્યું



હતું કે તમે મતદાર પાસે એક વ્યક્તિ તરીકે નથી જતા પણ સંયુક્ત વિચારધારાના નામે પહોંચો છો. મતદારો વિચારધારાના નામે વોટ આપે છે, જેને પાર્ટીઓ પ્રોજેક્ટ કરે છે.

એક અહેવાલ અનુસાર તુષાર મહેતાએ કહ્યું કે આપણે હોર્સ ટ્રેડિંગ શબ્દ સાંભળ્યો છે. મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેએ વિપરિત વિચારધારાના લોકો સાથે મળીને સરકાર રચી લીધી જે શિવસેના અને ભાજપના ગઠબંધન વિરુદ્ધ મેદાને હતી. જોકે આ ટિપ્પણીને કોર્ટે રાજ્યપાલની રાજકીય સક્રિયતા તરીકે લીધી. જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડના નેતૃત્વ હેઠળની બેન્ચે કહ્યું કે છેવટે રાજ્યપાલ આવા મામલે બોલે જ કેમ છે? તે સરકારની રચના અંગે કેવી રીતે બોલી શકે. અમે ફક્ત એટલું કહી રહ્યા છીએ કે એક રાજ્યપાલે રાજકીય બાબતોમાં દખલ ન કરવી જોઈએ.



# નશેડી કારચાલકે લગ્નના વરઘોડામાં કાર ઘુસાડી, નાચતા જાનૈયાઓને અડફેટે લેતા ૨ ના મોત



બાલાસિનોર, મહીસાગરના બાલાસિનોરમાં ગમખ્વાર અકસ્માત..બાલાસિનોર નગર વિસ્તારમાં લગ્નના વરઘોડાને અકસ્માત નડ્યો હતો. નશેડી કારચાલકે કાર પૂરપાટમાં હંકારીને લગ્નના વરઘોડામાં નાચતા જાનૈયાઓ પર કાર ચલાવી હતી. કાર ચાલકે ૨૦-૨૫ જાનૈયાઓને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ૨૬ થી વધુ જાનૈયાને ઈજા પહોંચી છે. તો ૨ જાનૈયાના મોત નિપજ્યા છે. બનાવ અંગે જાણ થતા જિલ્લા પોલીસ વડાએ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. ગુરુવારે રાતે આ ઘટના બની હતી. મહીસાગરના બાલાસિનોરમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાલાસિનોરના રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે બાલાસિનોર નગર વિસ્તારમાં એક પરિવારમાં લગ્નનો વરઘોડો નીકળ્યો હતો. ત્યારે લગ્નના વરઘોડાને અકસ્માત નડ્યો હતો. મોડી રાત્રે વરઘોડામાં સ્વીફ્ટ કારે ૨૦ થી ૨૫ લોકોને અડફેટે લીધા હતા. જેમાં તામમ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતને પગલે જાનમાં અફરાતરફી છવાઈ હતી. ઈજાગ્રસ્તો ને બાલાસિનોરની અલગ અલગ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. અકસ્માતમાં વરઘોડામાં નાચતા એક મહિલાનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું. તો અન્ય એક જાનૈયાનું સારવાર દરમિયાન મોત થયું હતું. અકસ્માત સર્જાતા બાલાસિનોર પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતને પગલે પરિવારમાં માતમ છવાયો હતો.

બીજી તરફ, સાબરકાંઠામાં પણ વરરાજાની કારને અકસ્માત થયો હતો. અમદાવાદથી ઈડર જતી વરરાજાની ગાડીને અકસ્માત નડ્યો હતો. સલાલ-દલપુર પાસે અન્ય કારે વરરાજાની ગાડીને ટક્કર મારી હતી. જેમાં લગ્ન પ્રસંગની ગાડી ચાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ગાડીમાં બેઠેલાઓને ગંભીર ઈજા પહોંચી હતી. તમામને ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. તો વરરાજાને પણ ઈજા પહોંચી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે.

# માર્ગ અને મકાન વિભાગનો દે.બારીયા શહેર માંથી પસાર થતાં રોડને બનાવવા માટે આદેશ કરશે પણ ખરાં ???

દે.બારીયા, દે.બારીયા શહેર માંથી પસાર થતા રોડને બનતા લગભગ ૭-૮ વર્ષ થયા હોવા છતાં નવો રોડ કેમ બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગને વિચાર આવતો નથી. કયાં સુધી વાહન ચાલકોને રાહ દેખવી પડશે વાહનોને માલીકો રોડ ટેકસ ભરતા હોય છે. તો તેમને તેવી રોડની સુવિધા કેમ આપવામાં આવતી નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા માંથી પાવાગઢ વડોદરા-મુંબઈ સુધી જતા વાહન ચાલકોમાં રોડનો ઉપયોગ કરતા હોય છે. જેથી માર્ગ અને મકાન વિભાગ તળે આવતો રોડ ૭ થી ૮ વર્ષ જુનો છે. તો તેને હવે નવો બનાવવા માટે કોણ આદેશ જારી કરશે પણ ખરાં. પાવાગઢના યાત્રાળુઓ માટે અને રથ યાત્રાળુઓ માટે આ ઉબડ ખાબડ રોડ માથાના દુઃખાવા સમાન સાબિત થાય છે. ભે દરવાજા બજારમાં મસમોટા ખાડાના કારણે કોઈ માર્ગ દુર્ઘટના થશે અથવા કોઈ મોટો ટ્રોલ રેતી ભરેલો પલ્ટી ખાશે ત્યારે માર્ગ વિભાગ જાગશે ? તે યક્ષ પ્રશ્ન છે. હવે તો સમારકાર્ય થીંગડા થાંગળીથી કામ નહી ચાલે તે કાર્યપાલક આ રોડ ઉપર જાતે તપાસ કરવા માટે આવશે ખરાં ? કે પછી ચેમ્બરમાં બેસીને સર્વે કરાશે. તે મોટો સવાલ ઉપસ્થિત થયો છે.

# રાજ્યમાં બોગસ બિલિંગ પર GST ત્રાટક્યું, ૪ હજાર કરોડનું કૌભાંડ ઝડપાયું

અમદાવાદ, રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી બોગસ બિલિંગના કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે આજે ગુજરાતમાં બોગસ બિલિંગ પર GST ત્રાટકી હતી અને મોટા કૌભાંડ ઝડપાયા હતા. રાજ્યના ચાર મોટા શહેરોમાં અંદાજે ૧૦૦ કરતા પણ વધુ પેઢીઓમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ૪ હજાર કરોડથી વધુના બોગસ ટ્રાન્ઝેક્શનની વિગતો સામે આવી હતી. આ ઉપરાંત કૌભાંડીઓ જુદી જુદી રીતે જ બોગસ બિલિંગ બનાવીને જીએસટીની ચોરી કરતા હોય છે.

રાજ્યમાં વધતા જતા બોગસ બિલિંગ મામલે આજે રાજ્યની એસજીએસટી ટીમે પોલીસની સાથે રહીને અમદાવાદ, આણંદ, ભાવનગર અને રાજકોટ ખાતે અંદાજે ૧૦૦ કરતા વધારે પેઢીઓમાં તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ૪ હજાર બેનામી ટ્રાન્ઝેક્શન સામે આવ્યા હતા. આ કૌભાંડીઓ આધાર નંબર મેળવીને તેમાં મોબાઈલ નંબર બદલીને તેના નામે ખોટી પેઢી ઉભી કરતા હતા. સુત્રોમાંથી મળતા છેલ્લા છ મહિનાના ગાળામાં જ અદાજે ૧૫૦૦ જેટલા મોબાઈલ નંબર બદલીને ૪૭૦ જેટલા જીએસટી રજિસ્ટ્રેશન મેળવવમાં આવ્યા હતા.

રાજ્યમાં આજે જીએસટી દ્વારા જુદા જુદા શહેરોમાં બેનામી બિલિંગ મામલે તપાસ હાથ ધરી હતી જેમા ૪ હજાર કરોડથી વધુના બોગસ ટ્રાન્ઝેક્શનની વિગતો સામે આવી હતી. જો કે આ તપાસ અનેક જગ્યાએ કરવામાં આવી હતી પણ આ મામલે હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી. આ મામલે આગામી દિવસોમાં એફઆઈઆર દાખલ કરવામાં આવશે તેમ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યુ હતું.

# ગરબાડામાં૧૨૫ મી રંગ જયંતિ મહોત્સવ નિમિતે અખંડ વંદના ગાન પાઠની ઉત્સેજ ઉજવણી કરવામાં આવી

ગરબાડા, પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજની ૧૨૫ મી રંગ જયંતિ મહોત્સવ કાર્યક્રમની ઉજવણી હાલમાં તારીખ ૨-૧૧-૨૦૨૨ થી તારીખ ૨૧-૧૧- ૨૦૨૩ સુધી ચાલવાની છે. જે ઉજવણીના ભાગરૂપે પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજે પદારપણ કરેલા પાંચ સિધ્ધ સ્થળો ખાતે અખંડ વંદના ગાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તારીખ ૧૬.૨.૨૦૨૩ ના ગરબાડા રંગ ગુટીર ખાતે આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. સવારના ૯-૦૦ કલાકે મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કર્યા બાદ પુષ્પગુચ્છ થી સ્વાગત બાદ અખંડ વંદના ગાનના પાઠ ચાલુ કરવામાં આવ્યા હતા. જે પાઠ સાંજના પાંચ વાગ્યા સુધી ચાલ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જે કાર્યક્રમમાં અમદાવાદ રંગ અવધૂત પરિવાર માંથી ડોક્ટર ઇન્દુભાઇ દવે, પ્રદ્યુમનભાઈ પટેલ, રમેશભાઈ પટેલ અને પરિવારના માણસો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. તે સિવાય ગુજરાતભર માંથી રંગ પરિવારના ભક્તો અખંડ વંદના ગામના આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ નામીઅનામીએ તન-મન-ધનથી સહયોગ આપ્યો હતો.

# વડોદરામાં ૧૧૧ ફૂટની રાજ્યની એકમાત્ર સુવર્ણ જડિત પ્રતિમાનું કપડાંનું આવરણ દૂર કરાયું, મહાશિવરાત્રિએ મુખ્યમંત્રી લોકાર્પણ કરશે

વડોદરા, વડોદરા શહેરના સુરસાગર તળાવના મધ્યમાં આવેલી ૧૧૧ ફૂટની શિવજીની પ્રતિમાને ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે સુવર્ણ જડિત કરવામાં આવી છે. મહા શિવરાત્રિ પર્વ પહેલા જ પ્રતિમાનું કપડાનું આવરણ દૂર કરવામાં આવ્યું છે. જોકે પ્રતિમાનું લોકાર્પણ ૧૮ ફેબ્રુઆરીએ મહા શિવરાત્રિ પર્વે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવશે. શિવજીની પ્રતિમાને સુવર્ણ જડિત કરવા માટે ૧૭.૫ કિલો સોનું વપરાયું હતું.

દેવાધિ દેવ મહાદેવની આરાધના કરવાના મહાપર્વ મહા શિવરાત્રિના પાવન દિવસે પરંપરાગત રીતે નીકળતી શિવજી કી સવારીની તડામાર તૈયારીઓ સત્યમ શિવમ સુંદરમ સમિતિ દ્વારા શરૂ કરવામાં આવી છે. તની સાથે શહેરના મધ્યબિંદુ સુરસાગર સ્થિત શ્રી સર્વેશ્વર મહાદેવની ૧૧૧ ફૂટ ઉંચી પ્રતિમા હવે સુવર્ણજડિત થઈ જતા મહાશિવરાત્રી પર્વે તેનું લોકાર્પણ કરવામાં આવશે. લોકાર્પણ પહેલાં આજે પ્રતિમાને ખુલ્લી મુકવામાં આવતા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડ્યા હતા.

સાવલીવાળા સ્વામીજીની પ્રેરણાથી દેશમાં માત્ર ઉજ્જૈનમાં જ નિકળતી શિવજી કી સવારી જેવી સમગ્ર શિવ પરિવારની યાત્રા શિવનગરી વડોદરામાં પણ શિવજી કી સવારી કાઢવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. વર્ષ-૨૦૧૩થી શિવજી કી સવારી કાઢવામાં આવી રહી છે. અને આ શિવજી કી સવારીમાં સમગ્ર વડોદરા શહેરના લોકો ઉત્સાહભેર જોડાય છે.

૨૦૧૭માં શ્રી સર્વેશ્વર મહાદેવની ૧૧૧ ફૂટ ઉંચી આદર્શીનીય પ્રતિમાને સુવર્ણ જડિત કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. વડોદરા શહેર-જિલ્લા, દેશ-વિદેશના અનેક દાતાઓએ ઉદાર હાથે ફાળો આપવાની ઈચ્છા વ્યકત કરી હતી. યોગાનુયોગ ૫ ઓગષ્ટ ૨૦૨૦ના દિને એકબાજુ અયોધ્યામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શ્રી રામ મંદિરના નિર્માણનો પ્રારંભ થયો હતો. અને બીજી બાજુ શિવનગરી વડોદરામાં શ્રી સર્વેશ્વર મહાદેવની પ્રતિમાને સૂવર્ણ આવરણ ચઢાવવાના ભગીરથ કાર્યનો પ્રારંભ થયો હતો.

શિવજીની પ્રતિમાને સુવર્ણ જડિત કરવા માટે અમેરિકામાં સ્થાયી ડૉ.કિરણ પટેલ અને દેશ-વિદેશના અનેક દાતાઓએ ૧૧૧ ફૂટ ઉંચી શ્રી સર્વેશ્વર મહાદેવની પ્રતિમા પર આશરે ૧૭.૫ કિલોગ્રામ સુવર્ણ ચઢાવવા માટેના રૂપિયા ૧૨ કરોડના અંદાજીત ખર્ચને પહોંચી વળવા ઉદાર હાથે દાન આપ્યુ છે. હવે આખી પ્રતિમા સંપૂર્ણપણે સુવર્ણ જડિત થઈ છે. જેનુ લોકાર્પણ આગામી ૧૮ ફેબ્રુઆરી મહા શિવરાત્રિની સંધ્યાએ થશે.

મહા શિવરાત્રિની બપોરે ૩-૩૦ કલાકે પરંપરા મુજબ પ્રતાપનગર સ્થિત રણમુક્તેશ્વર મહાદેવના મંદિરથી મહાકાય નંદી પર બિરાજમાન શિવ પરિવાર નગરયાત્રાએ નિકળશે અને વર્ષોની પરંપરા મુજબ શિવજી કી સવારી વાડી-ચોખંડી- માંડવી-ન્યાયમંદિર-માર્કેટ-દાંડીયાબજાર થઈ સાંજે ૭ કલાકે સુરસાગર પહોંચશે. જયાં ૭:૧૫ કલાકે મહાઆરતી યોજાશે. જેમાં હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો જોડાશે અને મુખ્ય મહેમાનો દ્વારા સુવર્ણ જડિત પ્રતિમા ખૂલ્લી મુકાશે. મહાઆરતી બાદ શિવજી કી સવારી પરંપરાગત રૂટ પર આગળ વધશે અને ઉદયનારાયણ મંદિર સલાટવાડા ખાતે શિવજી કી સવારીનું સમાપન થશે.

# ફેબ્રુઆરીમાં ગરમીએ ચાર વર્ષનો રેકોર્ડ તોડ્યો, હજી તાપમાન વધશે

અમદાવાદ, ગરમી માટે તૈયાર રહેજો. હવે સૂરજદાદા નો પ્રકોપ વધવાનો શરૂ થઈ ગયો છે અને બેવડી ઋતુનો માર લોકોના સ્વાસ્થ્ય પર વાર થઈ રહ્યો છે. ઉનાળો શરૂ થયો નથી. પરંતુ બપોરે તો ઉનાળાની ગરમી જેવો અહેસાસ થાય છે. અત્યારે શિયાળાની ઋતુ બાદ ઉનાળાની ઋતુ તરફ જઈ રહ્યા છીએ.

રાજ્યમાં ઉત્તર પૂર્વના પવન ફૂંકાય રહ્યા છે. જેના કારણે વહેલી સવારે ઠંડી અને બપોરે ગરમીનો અહેસાસ થાય છે. હવામાન વિભાગનું અનુમાન છે કે, ૨થી ૩ ડીગ્રી તાપમાન વધી જશે. તાપમાન વધે એટલે ગરમી વધશે. હવામાન વિભાગના સાયન્ટિસ વિજીનલાલે જણાવ્યું છે કે, ઉત્તર પૂર્વના પવન ફૂંકાય રહ્યા છે. ૨થી ૩ ડીગ્રી તાપમાન વધી જશે અને આગામી ૪ દિવસ તાપમાન યથાવત રહેશે.

શિયાળો પૂર્ણ થવા તરફ છે ઉનાળાની શરૂઆત માર્ચ મહિનાથી થઈ જશે. ધીમે ધીમે તાપમાન વધવા લાગશે. પરંતુ ચાલુ વર્ષે ઠંડી પણ રેકોર્ડ બ્રેક પડી છે અને હવે ઉનાળો પણ આકરો રહેવાના એંધાણ છે.

કારણ કે, સામાન્ય રીતે તો ફેબ્રુઆરી મહિના અંતમાં ૩૬થી ૩૭ ડીગ્રી આસપાસ તાપમાન પહોંચતું હોય છે. પરંતુ ચાલુ વર્ષે તો ફેબ્રુઆરીના અંતમાં તાપમાન રહેતું હોય તેટલું તાપમાન ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં જોવા મળ્યું. ૧૫ ફેબ્રુઆરીએ છેલ્લા ૪ વર્ષના ફેબ્રુઆરી મહિનાનો મહત્તમ તાપમાનનો રેકોર્ડ તોડ્યો છે. ભુજ ૩૭.૫ મહત્તમ તાપમાન, રાજકોટનું ૩૭.૪ ડીગ્રી અને ડીસા ૩૬.૯ ડીગ્રી નોંધાયું છે જે છેલ્લા ચાર વર્ષમાં તાપમાન તેનાથી ઊંચું નોંધાયું નથી. સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપરિટેનડેન્ટ ડોક્ટર રજનીશ પટેલે જણાવ્યું છે કે, ઋતુ એવી છે ખબર ન પડે કે ગરમ કપડાં પહેરવા કે સુતરાવ કપડાં પહેરવા. બેવડી ઋતુઓથી લોકો કંટાળી ગયા છે. બેવડી ઋતુની અસર લોકોના સ્વાસ્થ્ય પર પડી રહી છે. તાવ, શરદી, ઉધરસ, વાયરલ ઈન્ફેકશનના કેસ વધી રહ્યા છે.

# ઝાલોદ તાલુકાના નાનસલાઈ મુકામે મારૂતિ ઈકોના ચાલક દ્વારા બે મોટર સાયકલને અડફેટે લઈ ગાડી મૂકી નાશી છુટ્યો

ઝાલોદ, ઝાલોદ નગરના નાનસલાઈ થી લીમડી જતાં એચ.પી. પેટ્રોલ પંપની સામે મારૂતિ કંપનીની ઈકો ગાડી GJ-06-KD-6029ના ચાલક દ્વારા ગફલત રીતે પૂરપાટ ગાડી ચલાવતા ફરિયાદી જીતુભાઇની મોટર સાયકલ GJ-20-H-2310 તેમજ GJ-1-TA-53ને ટક્કર મારી જીતુભાઈ તથા અર્ચિતને ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગાડી સ્થળ પર મૂકી નાશી ગયેલ છે. આ અંગે કાળુભાઈ બચુભાઈ ડામોર દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈકો ચાલક વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે સારો રહેશે. દિવસના પહેલા ભાગમાં તમે જે પણ યોજના બનાવો છો તે બપોર સુધીમાં તમે પૂર્ણ કરી લેશો, પરંતુ આજે કોઈની સહાય પૈસા સંબંધિત લાભો મેળવવા માટે જરૂરી રહેશે.

વૃષભ : આજે તમારા સ્વભાવમાં આળસ અને બેદરકારી બંને હોવાને કારણે આસપાસના લોકોને અગવડતા નડી શકે છે. લોકો સ્વાર્થ માટે તમારી સાથે સારું વર્તન કરશે.

મિથુન : પારિવારિક જીવન આનંદકારક રહેશે. પરિવારના સભ્યો જરૂરી સામગ્રીની યાદી બનાવીને તમને થોડા સમય માટે મૂંઝવણમાં મૂકશે. વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને માનસિક ભારથી મુક્તિ મેળવશે.

કર્ક : રોજગારીની દિશામાં પણ સફળતા મળશે. જરૂરી કાર્યોને પ્રાથમિકતા આપો. તમે ક્ષેત્રમાં અન્ય લોકોનો સહકાર લેવામાં સફળ થશો. નજીકની મુસાફરી કરવાની બાબતને મુલતવી રાખવામાં આવશે.

સિંહ : આજનો દિવસ તમને યાદગાર ક્ષણો આપશે. તમને કોઈ ભેટ અથવા સન્માનનો લાભ મળશે. આર્થિક મામલામાં આજે કોઈ પણ પ્રકારે દબાણ ના કરો. તમારી બધી આયોજિત યોજનાઓની પૂર્તિમાં શંકા રહેશે.

કન્યા : આજે તમારા સાથીદારોમાં તમારી લોકપ્રિયતા વધશે. રાજદ્વારી સાથે નિકટતા અને મિત્રતા રહેશે અને તેના અનુભવથી તમને ફાયદો થશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ માટે વધુમાં વધુ સમય આપવો જોઈએ.

તુલા : આજે તમે જે પણ કાર્ય કરશો તે સરળ બનશે. નકામી વસ્તુઓમાં સમય બગાડશો નહીં. નોકરિયાત લોકો અધિકારીઓના રોષનો ભોગ બની શકે છે. માથાનો દુઃખાવો સિવાય સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

વૃશ્ચિક : આજની સ્થિતિ હાનિકારક બની રહી છે, ઘરે અને બહાર વિનમ્ર રહી કામ કરો, નહીં તો જ્યાંથી તમે નફાની અપેક્ષા કરો છો ત્યાં તમને અચાનક નિરાશ થવું પડી શકે છે.

ધનુ : છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી માનસિક દુવિધામાં આજનો દિવસ તમને રાહત આપશે. દિવસની શરૂઆતમાં કાર્ય વ્યવસાયમાં દિલાસો આપનારા સમાચાર પ્રાપ્ત થશે, તેમ છતાં નાણાકીય રોકાણો કરતા પહેલા સાવધાનીપૂર્વક વિચારો, પૈસામાં ફસાઈ જવાની સંભાવના છે.


મકર : આજનો દિવસ મિશ્રિત અસર કરશે. તમે આજે કામના ભારણને પણ થોડું વધારે અનુભવશો. કોઈ પણ સંજોગોમાં ઉતાવળમાં નિર્ણય ના લો. તમારા જુનિયરથી કામ મેળવવા માટે તમારે પ્રેમથી કામ શોધી કરાવવું જોઈએ. વ્યાવસાયિક બાબતો વચ્ચે વ્યક્તિગત ભેદ લાવવાથી નુકસાન થઈ શકે છે.

કુંભ : આજે અન્ય દિવસોની તુલનામાં પરિવારનું વાતાવરણ શાંત રહેશે. કોઈ પર ભાર મૂકવાનો પ્રયાસ ના કરો, અશાંતિ ફેલાઈ શકે છે. જૂના મિત્રોની મુલાકાતથી નવી આશાઓનો સંચાર થશે.

મીન : આજે સવારથી ઘર અને કાર્યસ્થળમાં મહત્વપૂર્ણ કામ માટે ધસારો રહેશે. કોઈ શુભ કે ધાર્મિક કાર્યક્રમની વ્યવસ્થામાં વ્યસ્ત રહેશો. જ્યારે બધા કામ સરળતાથી થઈ જાય, ત્યારે તમને પિતા અને ઉચ્ચ અધિકારીઓ તરફથી પ્રશંસા મળશે. તમને આજે પણ તમારી સારી કાર્યકારી શૈલી અને નરમ વર્તનનો લાભ મળશે.

## વડાપ્રધાને 'આદી મહોત્સવ'નું આજે ઉદ્‌ઘાટન કર્યું

# પહેલા આદિવાસીઓને દુર, વેગળા સમજવામાં આવતા, હવે સરકાર તેના દ્વારે જાય છે : નરેન્દ્ર મોદી



## આ કાર્યક્રમ ૨૦૦ સ્ટોલ દ્વારા દેશભરના આદિવાસી સમુદાયોના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાને પ્રદર્શિત કરવામાં આવશે.

નવીદિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતે 'આદી મહોત્સવ'નું આજે ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી અર્જુન મુંડા પણ તેમની સાથે હાજર રહ્યા હતા. પીએમ મોદીએ અહીં સ્વતંત્રતા સેનાની અને આદિવાસી નેતા બિરસા મુંડાને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી. આ ઈવેન્ટમાં આદિવાસી સંસ્કૃતિ, હસ્તકલા, ભોજન, વાણિજ્ય અને પરંપરાગત કલા પ્રદર્શિત કરવામાં આવી રહી છે. આ મહોત્સવ આદિવાસી સમુદાયો દ્વારા નિર્મિત શ્રી અન્ના કાર્યક્રમનું કેન્દ્રબિંદુ છે. અત્રે ૧૬ થી ૨૭ ફેબ્રુઆરી સુધી મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડીયમમાં આદિ મહોત્સવનું આયોજન થયુ છે. 'આદી મહોત્સવ' એ આદિજાતિ બાબતોના મંત્રાલય હેઠળના ટ્રાઈબલ કોઓપરેટિવ માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડની વાર્ષિક પહેલ છે. આ વર્ષે તેનું આયોજન દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમમાં ૧૬ થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ ૨૦૦ સ્ટોલ દ્વારા દેશભરના આદિવાસી સમુદાયોના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાને પ્રદર્શિત કરવામાં આવશે. આ મહોત્સવમાં એક હજાર જેટલા આદિવાસી કારીગરો પણ ભાગ લેશે.

જેનું ઉદઘાટન કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે 'આદિ મહોત્સવ' વિકાસ અને વારસાના વિચારને વધુ જીવંત બનાવી રહ્યો છે. જે પહેલા ખુદને ખુબ દુર વેગળા સમજતા હતા. મોદીએ આ તકે સ્વાતંત્ર સેનાની અને આદિવાસી નેતા બિરસા મુંડાને શ્રધ્ધાંજલી આપી હતી. આ કાર્યક્રમમાં જનજાતિય સંસ્કૃતિ શિલ્પ ખાન-પાન વાણીજય અને પારંપારીક કલાનું પ્રદર્શન કરમાં આવી રહ્યું છે. આ તકે વડાપ્રધાન મોદીએ આદિવાસી સમાજનાં વારસાને લઈને વિકાસ પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને જણાવ્યુ હતું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આદિવાસી યુવાનોને ભાષાનું વિઘ્ન દુર થશે. નવી શિક્ષણ નીતિમાં માતૃભાષામાં અભ્યાસનો વિકલ્પ ખોલી દેવાયો છે. હવે આદિવાસી બાળકો, આદિવાસી યુવાનો પોતાની ભાષામાં ભણી શકશે આગળ ભણી શકશે.

વડાપ્રધાન મોદી દેશની આદિવાસી વસ્તીના કલ્યાણ માટે સતત વિવિધ પગલાં લઈ રહ્યા છે. આ સાથે તેઓ દેશની પ્રગતિ અને વિકાસમાં આદિવાસી સમુદાયના યોગદાનને પણ યોગ્ય માન આપતા રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું, સરકાર એવા લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે, જેમનો લાંબા સમયથી સંપર્ક થયો નથી. મેં દેશના દરેક ખૂણે આદિવાસી સમુદાયો અને પરિવારો સાથે કેટલાંક અઠવાડિયાં વિતાવ્યા છે. તમારી પરંપરાઓને મેં નજીકથી જોઈ છે, તેમની પાસેથી શીખ્યો અને જીવ્યો પણ છું. આદિવાસીઓની જીવનશૈલીએ મને દેશના વારસા અને પરંપરાઓ વિશે ઘણું શીખવ્યું છે. પીએમ મોદીએ કહ્યું, દેશના વિવિધ રાજ્યોમાં ત્રણ હજારથી વધુ 'વન ધન વિકાસ કેન્દ્રો'ની સ્થાપના કરવામાં આવી છે. આજે સરકાર લગભગ ૯૦ નાના વન ઉત્પાદનો પર એમએસપી આપી રહી છે. આજે, વિવિધ રાજ્યોમાં ૮૦ લાખથી વધુ સ્વ-સહાય જૂથો કાર્યરત છે, જેમાં ૧.૨૫ કરોડથી વધુ સભ્યો આપણા આદિવાસી ભાઈઓ અને બહેનો છે અને તેમાંથી મોટી સંખ્યામાં આપણી માતાઓ અને બહેનો છે. આજે સરકારનો ભાર આદિવાસી કળાને પ્રોત્સાહન આપવા અને આદિવાસી યુવાનોના કૌશલ્યો વધારવા પર પણ છે. દેશમાં નવી આદિવાસી સંશોધન સંસ્થાઓ ખોલવામાં આવી રહી છે. આદિવાસી બાળકો દેશના કોઈપણ ખૂણામાં હોય, તેમનું શિક્ષણ અને તેમનું ભવિષ્ય મારી પ્રાથમિકતા છે. પીએમ મોદીએ કહ્યું કે આજે ભારત દુનિયાને કહે છે કે જો તમારે ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવા પડકારોનો ઉકેલ જોઈતો હોય તો આપણા આદિવાસીઓની જીવન પરંપરાને જુઓ તમને રસ્તો મળી જશે. ૨૧મી સદીનું ભારત સબકા સાથ સબકા વિકાસના મંત્ર પર ચાલી રહ્યું છે. આઝાદી પછી પહેલીવાર દેશના રાષ્ટ્રપતિ તરીકે આદિવાસી મહિલા છે. પ્રથમ વખત બિરસા મુંડાની જન્મજયંતિ આદિવાસી ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવી રહી છે. વડાપ્રધાને વધુમાં કહ્યું કે હું દિલ્હી, હરિયાણા, યુપી અને આસપાસના વિસ્તારોના તમામ લોકોને વિનંતી કરીશ કે તેઓ અહીં આવે અને આદિવાસીઓનો ઉત્સાહ વધે. આ કાર્યક્રમ અંતર્ગત દરેક સ્ટોલ પર જઈ તમામ વસ્તુઓની પીએમએ નોંધ લીધી હતી. ત્યારે ભાષણમાં તેમણે કહ્યું હતુ કે હું ગુજરાતનો સીએમ બન્યો ત્યારે મને સમજાયું કે આદિવાસી વિસ્તારોમાં વિજ્ઞાનના શિક્ષણ પર કોઈ ફોકસ નથી. મેં તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ૨૦૧૪થી ૨૦૨૨ સુધીમાં, ૫૦૦થી વધુ એકલવ્ય શાળાઓને મંજૂરી આપવામાં આવી છે,

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ શહેરની દુધમતી નદીની સ્વચ્છતા માટે

# લાખો રૂપીયા ફાળવવા છતાં નદીમાં ઉભરાતી ગંદકી માટે જવાબદાર કોણ...?

- દાહોદ શહેરમાં આવેલ દુધીમતી નદી ભુતકાળમાં દાહોદવાસીઓ માટે ખુબ જ ઉપયોગી હતી.
- દૂધીમતી નદીની સફાઈ માટે નગર પાલિકા દ્વારા કરોડો રૂપિયા ફાળવવામાં આવે છે પરંતુ દરેક વખતે તેમાં દેખાવ પૂરતું કામ ચાલુ કરી રૂપિયા ક્યાં ચાઉં થઈ જાય તે પણ એક વિચાર કરવા જેવો પ્રશ્ન છે.
- સરકારશ્રી દ્વારા કરોડો રૂપિયા સફાઈ માટે ફાળવવામાં આવે છે પરંતુ કોઈ પણ જગ્યા પર સફાઈ કામ જોવા મળતું નથી.
- દાહોદ શહેરમાં સફાઈ કામ માટે સફાઈ કામદાર, મકરદમ, ત્યાર બાદ તેમના ઉપર એક સરકારી બાબુ હોવા છતાં સફાઈ કામમાં કોઈ રીઝલ્ટ મળતું નથી. શહેરમાં જ્યાં જુવો ત્યાં કચરા ના ઢગલા અને ખાલી ફોટા પડાવવાના.
- સફાઈ પાછળ કરોડોના ધુમાડા પછી પણ દાહોદની પતિત પાવન દુધીમતી નદી મેલી રહી તે માટે જવાબદાર કોણ ?

દાહોદ,

પુરાતન કાળના ઈતિહાસ સાથે જોડાયેલી દાહોદની અતિ પાવન અને પૂર્વાભિમુખ દુધીમતી નદીની સફાઈ પાછળ દાહોદ નગર પાલિકાના સત્તાધીશોએ આજદિન સુધીમાં કરોડો રૂપિયાનો ધુમાડો કરી દીધો છતા ગંગા સમાન દુધીમતી નદી દાહોદ પાલિકાના આજદિન સુધીના સત્તાધીશોની બેદરકારી કારણે આજે પણ મેલી રહી જવા પામી છે અને રોજેરોજ આખા ગામની ગટરોના દુર્ગંધ મારતા પાણી નદીમાં ઠાલવીને આ પવિત્ર નદીને ગટર ગંગા બનાવી દેતા આ પાવન નદી મચ્છરોનું ઉદ્રવ સ્થાન બની જતા નદીના આસપાસના વિસ્તારોમાં મચ્છરનો ઉપદ્રવ ચરમ સીમાએ પહોંચી જતા આસપાસના વિસ્તારોમાં રહેતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. દાહોદની પતિત પાવન એવી દુધીમતી નદી ભુતકાળમાં દાહોદવાસીઓ માટે ખુબ જ ઉપયોગી સાબિત થતી હતી અને પવિત્ર શ્રાવણ માસમાં આ પાવન નદીમાં સ્નાન કરી દાહોદવાસીઓ ધન્યતા અનુભવતા હતા. જ્યારે આજે સ્થાનિક સત્તાધીશોના પ્રતાપે ગટર ગંગા બની ગયેલી દુધીમતી નદીમાં પુજાપાનો સામાન તથા દેવી-દેવતાઓને ચડાવેલા ફુલ પધરાવતા પણ હૈયુ દ્રવી ઉઠે છે. આ દુધીમતીની દુર્દશા માટે નગપર પાલિકાના શાસકોની સાથે સાથે સફાઈ કામ, માટી બહાર કાઢી અન્ય સ્થળે નાખવાના કામનો કોન્ટ્રાક્ટ લેનારા કોન્ટ્રાક્ટરો પણ જવાબદાર છે. કારણ કે, કામ કર્યા વિના જ પૈસા લેવાઈ ગયા. આ સાથે સાથે નદીની દુર્દશા માટે દાહોદવાસીઓનું આ મામલે મૌન પણ એટલું જ જવાબદાર છે. હાલ તો આ કહેવાતી પવિત્ર પાવન દુધીમતી નદીના સ્માર્ટ સીટી અંતર્ગત બ્યુટીફીકેશનના મામલે સત્તાધીશો દ્વારા દાહોદવાસીઓને હથેળીમાં ચાંદ બતાવાઈ રહ્યો છે પણ થાય ત્યારે સમજવું કે થયું કારણ કે નદીનું બ્યુટીફીકેશન વર્ષ ૨૦૨૪ માં પુર્ણ થશે તેવું સાંભળવા મળી રહ્યું છે.

## દાહોદ જિલ્લાના સંજેલી માંથી ટીસાના મુવાડાને ગૃપ ગ્રામ પંચાયતમાંથી વિભાજન કરવા માંગ ઉઠી




- પાંચ ટર્મ થી ST સિવાય અન્ય જાતિની સીટ ન ફાળવાતા ગ્રામજનોમાં નારાજગી.
- ટીશાના મુવાડા ગામમાં લગભગ ૯૦૦ જેટલા મતદારો આવેલા છે.
- સંજેલી નગરમાં એક વર્ષથી મંજૂર થયેલા રસ્તાઓની કામગીરી શરૂ ન થતા લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

સંજેલી,

સંજેલી ગૃપ ગ્રામ પંચાયત માંથી ટીસાના મુવાડાને વિભાજન કરવા માંગ ઉઠવા પામી છે. પાંચ ટર્મથી ST સિવાય અન્ય જાતિની સીટ ન ફાળવતા ગ્રામજનોમાં નારાજગી જોવા મળી રહી છે. એક વર્ષથી મંજૂર થયેલા રસ્તાઓની કામગીરી શરૂ ના થતા વાહન ચાલકો સહિત ગ્રામજનો ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સંજેલી ગૃપ ગ્રામ પંચાયતમાં ટીસાના મુવાડા ગામનો સમાવેશ થાય છે. આ ટીસાનામુવાડા ગામમાં લગભગ ૯૦૦ જેટલા મતદારો આવેલા છે. સંજેલી માંથી ટીસાના મુવાડા ગ્રામ પંચાયત વિભાજન કરવા અનેક વાર ઠરાવ કરવામાં આવ્યા છે. તેમ છતાં પણ તેનું વિભાજન કરવામાં આવતું નથી. લગભગ પાંચ ટર્મ થી સંજેલી ગૃપ ગ્રામ પંચાયતમાં ST સરપંચ સિવાયની અન્ય જાતિની બેઠક ફાળવવામાં આવતી નથી. તેમજ સંજેલી નગરમાં લગભગ એક વર્ષ ઉપરાંત થી ચાર જેટલા મુખ્ય માર્ગો ગટર સાથે મંજૂર થયા છે, પરંતુ આ રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવતી નથી. પોસ્ટ ઓફિસ ફળિયામાં રસ્તા ગટરની કામગીરી શરૂ કર્યાને એક વર્ષ ઉપરાંત સમય વીતી ગયો છતાં પણ હજી સુધી કામગીરી અધુરી છે. સંજેલી નગરમાં ગટરના અભાવના કારણે ગટરના ગંદા પાણી મુખ્ય માર્ગો પર ચોમાસાની જેમ પાણી વહેતા સ્કૂલના વિદ્યાર્થીઓ અને વાહન ચાલકો ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સંજેલીમાં આડેધડ ઠેર ઠેર દબાણો ઊભા કરી દેવાતા ટ્રાફિકના દ્રશ્યો પણ સર્જાય છે. મુખ્ય રોડ જુના બસ સ્ટેશન વિસ્તારમાં ગટરની સાફ-સફાઈ માટે બનાવેલી લોખંડની જાળી પણ અકસ્માત સર્જે તેવી પરિસ્થિતિમાં છે. આમ, સંજેલી નગરમાં રસ્તા ગટર બનાવવામાં આવે અને અવારનવાર થતા ટ્રાફિક જામના દ્રશ્યોની સમસ્યા દૂર કરવામાં આવે તેમજ ટીશાના મુવાડા ગ્રામ પંચાયતનું વિભાજન કરવામાં આવે તેવી લોકો દ્વારા માંગણી કરવામાં આવી હતી.

## દાહોદમાં ધોળે દિવસે બાઈક ઉપર લટકાયેલ બેગમાંથી ૨૦ હજારની ચોરી કરનાર એક ઈસમ ઝડપ્યો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાંથી ધોળે દિવસે એક મોટરસાઈકલ પર લટકાવેલ બેગ મુકી રાખેલ રૂા. ૨૦,૦૦૦ની બેગની ચોરી કરી લઈ જનાર ઈસમને દાહોદ એ. ડિવીઝન પોલીસે ગણતરીના કલાકોમાં ચોર ઈસમને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

ગત તા.૦૯મી ફેબ્રુઆરીના રોજ દાહોદ તાલુકાના ચંદવાણા ગામે ગારી ફળિયામાં રહેતાં ઉદયસિંહ રણછોડભાઈ ગારી પોતાની મોટરસાઈકલ લઈ સવારના સમયે દાહોદ શહેરમાં આવેલ ફાયર બ્રિગેડ સર્કલ પાસે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ સ્થળ પર પાર્ક કરી હતી. મોટરસાઈકલના હુકમાં લટકાવે બેગમાં તેઓએ રોકડા રૂપીયા ૨૦,૦૦૦ મુક્યાં હતાં. આ બેકમાંથી કોઈ અજાણ્યા ઈસમે રોકડા રૂપીયા ૨૦,૦૦૦ ભરેલ બેગની ચોરી કરી લઈ નાસી ગયો હતો. આ સંબંધે ઉદયસિંહ દ્વારા દાહોદ એ. ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી હતી. પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ તપાસનો ધમધમાટ આરંભ કરી શહેરમાં લાગેલ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગતના નેત્રમ કેમેરાની મદદથી બે ઈસમો બેગ લેતાં નજરે પડ્યાં હતા. ત્યાર બાદ પોલીસે અલગ અલગ ટીમો બનાવી ચોર ઈસમોને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કરતાં આ બંન્ને ઈસમોને દાહોદ શહેરમાંથી ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલ ભેગા કર્યાં હતાં. ઝડપાયેલ ઈસમોમાંથી (૧) ગવરસિંહભાઈ ઉર્ફે ગૌરાંગ ચેનાભાઈ પરમાર (રહે.અભલોડ, રાયણી ફળિયુ, તા. ગરબાડા, જિ. દાહોદ) અને (૨) જીગરભાઈ સુકીયાભાઈ બારીયા (રહે. મોટી ખરજ, રાહ ડુંગરી ફળિયું, તા. ગરબાડા, જિ.દાહોદ) ની વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


પ્રધાનમંત્રીના ટીબી મુકત ભારત અભિયાન ૨૦૨૫ અન્વયે ટીબી રોગ નિર્મૂલન માટે જનભાગીદારીથી દર્દીના નિર્મૂલન માટે પોષણ સહાય આપવાની યોજના શરૂ કરાઈ છે. ટીબીના દર્દીને પોષણ સહાય આપવા માટે નિક્ષય મિત્ર બની દર્દીને દતક લઈ શકે છે. જે અન્વયે તા ૧૫/૦૨/૨૦૨૩ના રોજ ઝાલોદ તાલુકા હેલ્થ ઓફિસર ડો. ડી.કે. પાંડે નિક્ષય મિત્ર બની એક ટીબી દર્દીને દતક લેવામાં આવ્યા તથા ઝાલોદ તાલુકાના બીલવાણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. નિકીતા પટેલ દ્વારા નિક્ષય મિત્ર બની એક દર્દીને દતક લેવામાં આવ્યાં અને તેમને ૬ મહીના ચાલે તેટલી ન્યુટ્રિશન કીટ આપવામાં આવી.

## દાહોદમાં પીળા દેશી ચણા ખરીદવા ના પડાતા ખેડુતોમાં આક્રોશ

ઝાલોદ,

ગુજરાત સરકારે ટેકાના ભાવે દાહોદના પીળા ચણા, દેશી ચણા ખરીદવા માટે નનૈયો કરતા ખેડુતોમાં ભારે આક્રોશની લાગણી જોવા મળી રહી છે.

સરકાર દ્વારા ખાનગી સંસ્થાના માદયમથી ચણાની ખરીદીની કામગીરી કરાતા ખાનગી સંસ્થા દ્વારા મનમાની વહીવટ ચલાવાતો હોવાની પણ ચર્ચા સાંભળવા મળે છે. અન્ય જિલ્લાના તથા અન્ય રાજયના મોટા હાઈબ્રીડ લીલા ચણા ખરીદવામાં આવે છે. ત્યારે દાહોદ જિલ્લાના પીળા ચણાની ખરીદી કરવાનો નનૈયો કરવામાં આવી રહ્યો છે. રાજયના આદિવાસી વિસ્તારોમાં રવિ સીઝનમાં આદિવાસી ખેડુતો દ્વારા દાહોદ પીળા ચણા, દેશી ચણાનુ ઉત્પાદન કરાતુ હોય છે. ખાનગી સંસ્થા દ્વારા ગત વર્ષે પણ ટેકાના ભાવે ચણાની ખરીદી કરાઈ ન હતી. તેમજ આ વર્ષે પણ ચણા ખરીદવાનો નનૈયો કરવામાં આવી રહ્યો છે. જયારે સૌરાષ્ટ્રમાં તથા મધ્યપ્રદેશ, રાજસ્થાનના ખેડુતો દ્વારા મોટા હાઈબ્રિડ ચણાની ખરીદી કરાતી હોય છે. જેથી દાહોદના ખેડુતો દ્વારા દાહોદી પીળા ચણાની પણ ટેકાના ભાવે ખરીદી કરવાની માંગ કરાઈ રહી છે.

## દાહોદના નગરાળા ગામ પાસે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં પિતા-પુત્રને ગંભીર ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના નગરાળા ગામે મોડીયા ફળિયામાં બે મોટર સાયકલો વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં પિતા-પુત્રને ગંભીન ઈજાઓ થતાં બંને ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ તાલુકાના અભલોડ ગામના ઝરલા ફળિયામાં રહેતા ૨૮ વર્ષીય નરવતભાઈ જોખાભાઈ પલાસ તથા તેના પિતા ૬૫ વર્ષીય જોખાભાઈ સિસકાભાઈ પલાસ પોતાની જીજે.૨૦.ક્યુ.૯૬૨૦ નંબરની બજાજ પલ્સર મોટર સાયકલ ઉપર બેસી જઈ રહ્યા હતા. તે વખતે નગરાળા ગામે મોડીયા ફળિયામાં રોડ પર સામેથી રોંગ સાઈડમાં પુરઝડપે દોડી આવતી જીજે-૨૦ એ.જે-૯૬૫૦ નંબરની સ્પ્લેન્ડર મોટર સાયકલ નરવતભાઈ પલાસની મોટર સાયકલને જોશભેર ટક્કર મારી પોતાની મોટર સાયકલ સ્થળ પર જ મૂકી નાસી જતાં બજાજ સ્પ્લેન્ડર મોટર સાયકલ પર સવાર નરવતભાઈ પલાસ અને તેના પિતા જોખાભાઈ સિસકાભાઈ પલાસ એમ બંને બાપ-દિકરા મોટર સાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાતાં જોખાભાઈ પલાસને માથામાં કપાળના ભાગે ફ્રેક્ચર થવા પામ્યું હતું તથા નાકના ભાગે તેમજ જમણા ગાલે ફ્રેક્ચર થયું હતું. જ્યારે નરવતભાઈ પલાસને શરીરે મૂઢ ઈજાઓ થવા પામી હતી.

આ સંબંધે અભલોડ ગામના ઈજાગ્રસ્ત નરવતભાઈ જોખાભાઈ પલાસે નોંધાવેલી ફરિયાદને આધારે દાહોદ તાલુકા પોલીસે માર્ગ અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધાનપુરના રમતવીરોએ એથ્લેન્ટિકમાં ૨૮ ગોલ્ડ અને ૫ સિલ્વર મેળવ્યા

ધાનપુર,

યુવરાની એકસેટીક સમિતિ ૨૦૨૩ દ્વારા આયોજિત ૧૭માં નેશનલ ઓપન અંતર્ગત રાજસ્થાન રાજયના અલવર મુકામે વિવિધ સર સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ધાનપુરના નાનજીભાઈ એન.બારીયા પાંચ કિ.મી.દોડ, થ્રપલ જમ્પ, ૨૦૦ મીટર દોડ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી ચાર ગોલ્ડ મેળવ્યા હતા. જયારે સુવાણ મથુરભાઈ કઈ કઈ સ્પર્ધા પાંચ કિ.મી.ચાર ગોલ્ડ અને એક સિલ્વર મેડલ મેળવ્યુ હતુ. જયારે મોહનીયા દલસિંગે ૨૦૦ મીટર, ૪૦૦ મીટર, ૩૦૦ મીટર ૫૦૦માં ગોલ્ડ તથા એક સિલ્વર તેમજ ડામોરભાઈએ ત્રણ ગોલ્ડ અને એક સિલ્વર, રાઠવા મનસુખભાઈએ ચાર ગોલ્ડ અને એક સિલ્વર, ડાયરા લક્ષ્મણસિંહે ચાર ગોલ્ડ તથા મંડળ હિંમતસિંહે બે ગોલ્ડ અને બે સિલ્વર અને માવી રતનસિંહ ચાર ગોલ્ડ મેળવી સમગ્ર દાહોદ તાલુકા તેમજ ધાનપુર તાલુકાનુ ગૌરવ વધાર્યુ હતુ. આમ રાજસ્થાન મુકામે યોજાયેલા નેશનલ ઓપન સ્પર્ધામાં ધાનપુર તાલુકાના વિવિધ કેટેગરીમાં ૨૮ ગોલ્ડ અને ૬ સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને આસપાસના ગામોના નામ રોશન કરવા બદલ તેમને અનેક લોકોએ અભિનંદન પાઠવ્યા હતા.

## સુજલામ સુફલામ જળ અભિયાનનો રાજયમંત્રી બચુભાઈ ખાબડ લીમખેડાથી કરાવશે પ્રારંભ

દાહોદ,

સુજલામ સુફલામ જળ અભિયાન દ્વારા ગુજરાતના ખૂણે ખૂણામાં જળસંચય માટે રાજ્ય સરકાર દ્વારા નક્કર આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે દાહોદ જિલ્લામાં સુજલામ સુફલામ અભિયાનનો આવતી કાલે તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ ગામ તળાવ, વડેલા ગામ, લીમખેડા ખાતે રાજયમંત્રી બચુભાઈ ખાબડ પ્રારંભ કરાવશે. જિલ્લાના તળાવ ઊંડા કરવા ચેકડેમ ઊંડા કરવા અને કેનાલોની સફાઈ કરવાના આ મહા અભિયાનના શુભારંભ પ્રસંગે સાંસદ જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત શીતલબેન વાઘેલા તેમજ ધારાસભ્યઓ, અધિકારીઓ ઉપસ્થિત રહેશે. વડેલા ખાતે સવારે ૮.૩૦ વાગે કાર્યક્રમ યોજાશે.

## દાહોદ ખાતે વાણિજયના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો

દાહોદ,

દાહોદ ખાતે ચાલતા એચિવર્સ એજ્યુકેશન દ્વારા તા.૧૩.૨.'૨૩ ના રોજ કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨માં ધોરણ પછી આગળ શું? એ વિષય ઉપર GSTના માર્ગદર્શન માટે જી.ડી. શાહે અને ફાયનાન્સિયલ પ્લાનિંગ માટે સમીર દેસાઈએ તજજ્ઞ તરીકે માર્ગદર્શન આપ્યું હતું. ડાયરેક્ટર ઓફ એચીવર્સ એજ્યુકેશન અન્વયે નિરજ કડકીયાએ ૧૨માં કોમર્સ પછી શું કરી શકાય અને ક્યા કોર્સથી શું શીખવા મળશે તેના વિશે જણાવ્યું હતું. આ સેમિનારમાં દાહોદ જિલ્લાના કોમર્સના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદના લીમખેડાના રમત પ્રિય પરિવારની અનોખી સિદ્ધિ






તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના લીમખેડાના રમતપ્રિય પરિવારે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. એક જ પરિવારના પતિ-પત્ની અને પુત્રએ રાજસ્થાનના અલવર ખાતે ગત તા. ૬ ફેબ્રુઆરીના રોજ યોજાયેલ ૧૭મા નેશનલ ઓપન એથ્લેટિક્ષ ચેમ્પિયનશિપ-૨૦૨૩ મા મેડલ મેળવવાની ગૌરવવંતી સિદ્ધિ હાંસલ કરી છે. લીમખેડા તાલુકાના પાલ્લી ગામના સોમાભાઈ એલ.બારીઆ, તેમના પત્ની કમળાબહેન બારીઆ અને પુત્ર જિનેશ કુમારે પ્રથમવાર ઓપન એથ્લેટિક્ષ માં પ્રવેશ મેળવી જુદી જુદી રમતોમાં જ્વલંત સફળતા મેળવતા જિલ્લા માટે ગૌરવ બન્યા છે. આ ખેલપ્રેમી પરિવારની સિદ્ધિ વિશે વાત કરીએ. બારીઆ પરિવારના કમળાબહેને ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, લાબીકુદ અને ૫ કિ.મી. રનીગમા પ્રથમક્રમે આવી દરેક રમતમાં ગોલ્ડ મેડલ મેળવી નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. કમળાબહેનના પતિ સોમાભાઈ એલ.બારીઆએ ૩ કિ.મી. વોકીગમા ૨ જો નંબર મેળવીને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. જયારે રમતગમતને ગળથૂથીમાં લઈને આવનારા તેમના નાના પુત્ર જિનેશકુમાર બારીઆ એ ૨૦૦ મીટર દોડમાં બીજો નંબર મેળવી સિલ્વર મેડલ અને લાંબી કૂદમા ત્રીજા નંબરે આવી બ્રોન્ઝ મેડલ મેળવી યશસ્વી સિંદ્ધિ પ્રાપ્ત કરેલ છે. રાજયના અંતરિયાળ વિસ્તારમાં આવેલ બે પુત્રોના માતા-પિતા અને પુત્રે ભવ્ય સિદ્ધ મેળવી યુવાનોને પ્રેરક માર્ગદર્શન પુરૂ પાડ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.151

# માઈક્રો ફાઈનાન્સ કંપનીમાં ખોટા નામોથી એકાઉન્ટ ખોલીને રૂપિયા ૭૮ લાખની ઉચાપત મેનેજરે કરી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા ખાતે આવેલી ક્રેડીટ એક્સેસ ગ્રામીણ લિમિટેડની બ્રાન્ચ આવેલી છે. ડિવિઝનલ મેનેજર વડોદરા વિભાગના દીપિલ રાણા એ અરજી આપેલી જે અરજી જોતા તેઓની બેંકના મેનેજર રત્ના ચમાર દ્વારા ખોટા નામથી એકાઉન્ટ ખોલીને ઉચાપત કરેલ હોવાનું ઓડિટ દરમિયાન માલૂમ થયું હતું. જેથી પોલીસે ફરિયાદ નોંધીને બ્રાન્ચ મેનેજર રત્ના ચમારની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી દીધી છે. ખોટા નામના એકાઉન્ટો ખોલીને લોનો ઊભી કરી હતી. આરોપીએ ૭૮ લાખ ૭૫ હજાર ૫૧૨ રૂપિયાની ઉચાપત કરેલ હોવા સાથે વધુ તપાસ શરૂ છે.
**રાહુલ રાજપૂત...પોલીસ ઈન્સ્પેક્ટર, શહેરા...**

- શહેરામાં અણીયાદ ચોકડી વિસ્તારમાં ગોકુલેશ કોમ્પલેક્ષમાં આવેલી ક્રેડિટ એકસેસ ગ્રામીણ લિમિટેડ કંપનીના મેનેજરએ ખોટા નામોથી ૩૦ ઉપરાંત એકાઉન્ટ અને દસ્તાવેજો બનાવીને સાચા તરીકે વાપરીને રૂપિયા ૭૮ લાખની ઉચાપત.
- મેનેજર રત્ના ચમાર દ્વારા ૩૦ કરતા વધુ લોકોના ખોટા નામોથી એકાઉન્ટ ખોલીને રૂપિયા ૭૮ લાખની ઉચાપત કરી હોવાનું ઓડિટ દરમિયાન ડિવિઝનલ મેનેજર વડોદરા વિભાગના દીપલ કુમાર રાણાને માલૂમ થયું
- ડિવિઝનલ મેનેજર વડોદરા વિભાગના દીપલ કુમાર રાણા દ્વારા શહેરા પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવામાં આવી.
- પોલીસ મથક ખાતે પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે ગણતરીના કલાકોમાં મેનેજર રત્ના ચમારની ધરપકડ કરીને તેની પુછપરછ હાથધરી.

શહેરા,
શહેરામાં અણીયાદ ચોકડી વિસ્તારમાં ગોકુલેશ કોમ્પલેક્ષમાં આવેલી ક્રેડિટ એકસેસ ગ્રામીણ લિમિટેડ કંપનીના મેનેજર એ ખોટા નામોથી ૩૦ ઉપરાંત એકાઉન્ટ અને દસ્તાવેજો બનાવીને સાચા તરીકે વાપરીને રૂપિયા ૭૮ લાખની ઉચાપત કરી હોવાની ફરિયાદ પોલીસ મથક ખાતે નોંધાઈ છે. ખોટા નામોથી એકાઉન્ટો ખોલીને લાખો રૂપિયાની ઉચાપતના કેસમાં પોલીસે શહેરા વિભાગના કંપનીના મેનેજર રત્ના ચમારની ધરપકડ કરીને વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા હતા.

શહેરામાં અણીયાદ ચોકડી વિસ્તારમાં ગોકુલેશ કોમ્પલેક્ષમાં ક્રેડિટ એકસેસ ગ્રામીણ લિમિટેડ કંપની આવેલી છે. ક્રેડિટ એકસેસ ગ્રામીણ લિમિટેડ કંપની ગ્રામિણ વિસ્તારોમાં પહોંચી જઈને સમુહમાં ૫ થી ૧૦ જેટલી મહિલાઓના ગૃપ બનાવીને રૂપિયા ૩૦ થી ૪૫ હજાર સુધીની લોન આપતા હોય છે. જ્યારે આ ક્રેડિટ એકસેસ ગ્રામીણ લિમિટેડ કંપનીના મેનેજર રત્નાભાઈ ચમાર દ્વારા ખોટા નામોથી એકાઉન્ટ અને દસ્તાવેજો બનાવીને સાચા તરીકે વાપરીને લાખો રૂપિયાની ઉચાપત કરેલ હોવાનું સામે આવ્યું છે. આ કંપનીના મેનેજર રત્ના ચમાર દ્વારા ૩૦ કરતા વધુ લોકોના ખોટા નામોથી એકાઉન્ટ ખોલીને રૂપિયા ૭૮ લાખની ઉચાપત કરી હોવાનું ઓડિટ દરમિયાન ડિવિઝનલ મેનેજર વડોદરા વિભાગના દીપલ કુમાર રાણાને માલૂમ થયું હતું. જેથી ડિવિઝનલ મેનેજર વડોદરા વિભાગના દીપલ કુમાર રાણા દ્વારા શહેરા પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવામાં આવતા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર રાહુલ રાજપુત દ્વારા આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ હાથધરી હતી. સાથે આ કંપનીના શહેરા વિભાગના મેનેજર રત્ના ચમારની ધરપકડ કરીને તેની પુછપરછ હાથ ધરી હતી. હાલ તો જે રીતે આ મેનેજર રત્ના ચમાર દ્વારા ખોટા નામોથી એકાઉન્ટ ખોલીને ઉચાપત કરવામાં આવી હોય લાખો રૂપિયાની ત્યારે આ એક પ્રકારની માઈક્રો ફાઈનાન્સ કંપની હોવા સાથે કરોડો રૂપિયાનું ધિરાણ કરતી આ ક્રેડિટ એકસેસ ગ્રામીણ લિમિટેડ કંપની વર્ષ દરમિયાન ૫૦૦ કરતા વધુ મહિલાઓને આધાર કાર્ડ સહિતના જરૂરી કાગળો લઈને ધિરાણ આપતા હોય છે. ત્યારે આ જ કાગળ ઉપર અહીંના મેનેજર રત્ના ચમાર દ્વારા ડમી એકાઉન્ટ ખોલીને લાખો રૂપિયાની ઉચાપત કરી હશે, તેવી શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી. હાલ તો સમગ્ર મામલે પોલીસ મથકના રાહુલ રાજપુત દ્વારા ધરપકડ કરાયેલ આ કંપનીના મેનેજર રત્ના ચમારની પૂછપરછમાં આ ઉચાપત એક કરોડ કરતાં વધુ થઈ શકે તેવી શક્યતાઓ પણ જોવાઈ રહી છે.

### પંચમહાલ સાંસદની દિલ્હી દરબારમાં કરવામાં આવેલ રજુઆત આખરે રંગ લાવી

## આફ્રિકામાં મૃત્યુ પામેલ નિકોલા ગામના શ્રમિકનો મૃતદેહ ૨૦ દિવસ બાદ ભારત લવાયો


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના અંતરિયાળ ગામ નિકોલા થી ભુજની ખાનગી કન્ટ્રકશન કંપનીમાં મજુરી કામ કરવા ગયેલા બાબુભાઇ રયજીભાઈ બારીઆને કંપની તરફ થી ચાર વર્ષ પહેલા આફ્રિકા ખાતેના પ્લાન્ટમાં બાંધકામ સાઈડના સેન્ટીંગ કામ કરવા માટે મોકલ્યા હતા. દરમીયાન જેઓનું ગત ૨૭ મી જાન્યુઆરીના રોજ આફ્રિકામાં અચાનક મોત નીપજ્યું હતું. ઘરના મોભીના મોતના સમાચાર મળતા પરિવારજનો શોકાતુર બનયા હતાં અને બાબુભાઇના મૃતદેહને ભારત લાવવા સ્થાનિક MLA, MP પાસે મદદની ગુહાર લગાવી હતી. પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડને રજૂઆત મળતાં તેમણે બાબુભાઈનો મૃતદેહ ભારત લાવવા માટેની તમામ પ્રયાસોની ખાત્રી આપી પ્રયાસોનો દોર શરૂ કર્યો હતો. આ બાબતે તેઓ દિલ્હી ખાતે પહોચી કેન્દ્રીય વિદેશ મંત્રી એસ.જયશંકર સાથે મુલાકાત કરી હતી અને બાબુભાઈના મૃતદેહને આફ્રિકાથી ભારત લાવવામાં લેખિત રજૂઆત કરી હતી. જે રજૂઆતના અંતે ૨૦ દિવસ બાદ બાબુભાઈનો મૃતદેહ આજે તેમના માદરે વતન નિકોલા લવાયો હતો અને કાયદાકીય કાર્યવાહી બાદ બાબુભાઈનો મૃતદેહ પરિજનોને સોંપવામાં આવ્યો. જે બાદ પરિજનો દ્વારા સામજિક રીતિ રિવાજ મુજબ બાબુભાઇના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

આ સમગ્ર ઘટનાને લઈ પરિજન દ્વારા ભુજ સ્થિત આવેલ વિજય કન્સ્ટ્રકશન કંપની સામે રોષ વ્યક્ત કર્યો છે. બાબુભાઈના મોતને લઈ કંપની તરફથી કોઈપણ પ્રકારનો સહકાર કે સહાય કરવામાં નથી આવી. તેવા આક્ષેપ સાથે કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી સરકાર પાસે પરિજનો દ્વારા માંગ કરવામાં આવી છે.

## ગોધરા અંકલેશ્વર મહાદેવ વિસ્તારમાંથી ત્રણ ઈસમોને ચોરી કરેલ તાંબા-પિત્તળ અને એન્ટીક મૂર્તિઓ સાથે ઝડપ્યા



ગોધરા,
ગોધરા શહેર અંકલેશ્વર મહાદેવ પથ્થર તલાવડી વિસ્તારમાં રહેતા ત્રણ ઈસમોને બાતમીના આધારે તાંબા-પિત્તળના વાસણો અને એન્ટીક મૂર્તિ સાથે એલ.સી.બી.પોલીસે ઝડપ્યા તપાસમાં કૃષ્ણનગર સોસાયટીના મકાન માંથી ચોરી કર્યાની કબુલાત કરી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, અંકલેશ્વર મહાદેવ રોડ પથ્થર તલાવડી ખાતે રહેતા સુનિલ ઉર્ફે સુંગા રાજુભાઈ દંતાણી, રાકેશ ભરતભાઈ દંતાણી, રવિ નારણભાઈ દંતાણી જે અમુલ પાર્લરવાળી ગલીમાં કૃષ્ણનગર સોસાયટીના મકાન માંથી ચોરી કરેલ તાંબા-પિત્તળ-જસત અને એન્ટીક મૂર્તિઓ ચોરી કરી લાવેલ હોય અને તે કોથળામાં ભરી વેચાણ માટે નિકળેલ છે. તેવી બાતમીના આધારે ત્રણે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમો પાસેથી જુની પિત્તળની એન્ટીક મૂર્તિ વિષ્ણુ ભગવાન, નટરાજ અને સરસ્વતી, લક્ષ્મીજીની પિત્તળની ગણેશજવી તેમજ હાથી, પિત્તળના તપેલા, હિંચકાની મીકસ ધાતુની સાંકળ, તાંબાના બેડા, પિત્તળના બેડા, કથરોટ-૩ સહિતના કિંમત ૨૯,૭૫૦/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. ગોધરા એલ.સી.બી.પોલીસે એ ડીવીઝન પોલીસ મથકે નોંધાયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો.

## હાલોલ-મધાસર ઓમ લોજીસ્ટીક કંપનીમાં સિક્યુરીટી ગાર્ડને પૂર્વ તાલીમ પોલીસ વેરીફિકેશન કર્યા વગર રાખતાં SOG પોલીસે કાર્યવાહી કરી

હાલોલ,
હાલોલના મધાસર ઓમ લોજીસ્ટીક લી.કંપનીમાં સત મેકસ ચેક સિક્યુરીટી એન્ડ એલાઈડ સર્વિસ એજન્સી પોતાની એજન્સીમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે રાખી ઓળખકાર્ડ, પોલીસ વેરીફિકેશન નહિ કરાવી પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સી રેગ્યુલેશન એકટનો ભંગ કરી ગુન્હા કરતાં એસ.ઓ.જી. પોલીસે ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ ખાતે મેકસ ચેક સિક્યુરીટી એન્ડ એલાઈડ સર્વિસ એજન્સીના ફિલ્ડ ઓફિસર સત પ્રકાશ શ્રીરામ હર્ષ મિશ્રા એ હાલોલ મધાસર ખાતે આવેલ ઓમ લોજીસ્ટીક લી. કંપનીમાં જયેન્દ્રકુમાર ગોપાલભાઈ બારીયાને સિક્યુરીટી ગાર્ડ તરીકે રાખી સિક્યુરીટીનું ઓળખકાર્ડ ઈસ્યુ નહિ કરીને પોલીસ વેરીફિકેશન નહિ કરાવી ગાર્ડની નોકરીની પૂર્વ તાલીમ નહિ કરાવી યુનિફોર્મ પુરો પાડી પ્રાઈવેટ સિક્યુરીટી એજન્સીના રેગ્યુલેશન એકટનો ભંગ કરતાં ગોધરા એસ.ઓ.જી.પોલીસ ઝડપી પાડવા બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## હાલોલ ખાતે ૨૦ ફેબ્રુઆરીના રોજ જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને માર્ગદર્શન શિબિર યોજાશે

ગોધરા,
જિલ્લા રોજગાર વિનિમય કચેરી,પંચમહાલ દ્વારા તારીખ ૨૦-૦૨-૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સરકારી આઈ.ટી.આઈ પાવાગઢ (હાલોલ), જૈન મંદિર નજીક મહિલા તથા પુરૂષ ઉમેદવારો માટે જિલ્લાકક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરાશે. જેમાં ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ રજીસ્ટ્રેશન, એન.સી.એસ પોર્ટલ રજીસ્ટ્રેશન, રોજગાર સેવા સેતુ હેલ્પલાઇન તથા રોજગારલક્ષી સેવાઓ અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે ધોરણ ૧૦ પાસ, ધોરણ ૧૨ પાસ, આઈ.ટી.આઈ, ડીપ્લોમા તથા ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ૧૮ થી ૩૨ વર્ષ વય મર્યાદા ધરાવતા અનુભવી, બિન-અનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક આપવામાં આવશે. આ ભરતીમેળામાં નોકરીદાતા દ્વારા ટેકનીકલ તથા નોન ટેકનીકલ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ પ્રક્રિયા કરવામાં આવશે. રોજગાર કચેરીની સેવાઓનો અવિરત લાભ લેવા માટે અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in વેબસાઈટ પર જોબસીકર તરીકે રજીસ્ટ્રેશન કરાવવા તથા ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર અધિકારી ગોધરાએ એક અખબાર યાદીમાં જણાવ્યું છે.

## હાલોલ સહકારી ખરીદ-વેચાણ સંઘ વ્યવસ્થાપક સમિતિની ચુંટણીમાં ૯ ઉમેદવારો બિનહરીફ

હાલોલ,
ધી હાલોલ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘની વ્યવસ્થાપક સમિતિની સને-૨૦૨૩ની ૯ બેઠકો માટે યોજાયેલ ચુંટણીમાં નવે નવ ઉમેદવારો બિનહરીફ ચુંટાયા છે.

હાલોલ તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ.હાલોલની સન-૨૦૨૩ની વ્યવસ્થાપક સમિતિની નવ બેઠકો માટે ચુંટણી નાયબ કલેકટર, હાલોલ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ ચુંટણીમાં ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખે ફકત નવ ઉમેદવારોના ફોર્મ બાકી રહેતા ચુંટણી અધિકારીએ આ તમામ નવ ઉમેદવારોને બિનહરીફ વિજેતા જાહેર કર્યા હતા. વિજેતા બનેલ ઉમેદવારો વ્યાસ અનીલ કુમાર ભાનુપ્રસાદ હાલોલ,નાયક ગુલાબભાઈ મગનભાઈ વડાતળાવ, મયુર દવજસિંહ જયદ્રથસિંહ પરમાર કંજરી, બારીયા સદેવનભાઈ લલ્લુભાઈ પારખંડા, ગોહિલ પર્વતસિંહ શનાભાઈ ખોડિયારપુરા, નાયક કાંતિલાલ ભાઈલાલભાઈ સુલતાનપુરા, પટેલ અશોકભાઈ રાવજીભાઈ હાલોલ, ઠાકોરભાઈ નાગજીભાઈ ચંદ્રપુરા, રાણા જયોતિન્દ્રસિંહ પર્વતસિંહ ઉમેટનો સમાવેશ થાય છે. આમ હાલોલ તાલુકા સહકારી સંઘ ચુંટણી બિનહરીફ થતાં સહકારની ભાવના વધુ સુગમ બની છે. સભાસદો તથા શુભેચ્છકો સહિત સ્થાનિક ધારાસભ્યએ બિનહરીફ ચુંટાયેલા આ તમામ ઉમેદવારોને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

## જાંબુઘોડાથી કકરોલીયા સુધીના રસ્તાનુ કામ શરૂ થતાં લોકોમાં આનંદ

જાંબુઘોડા,
જાંબુઘોડાથી કકરોલીયા સુધીનો રસ્તો તદ્દન બિસ્માર હાલતમાં હતો. જેને કારણે કેટલાય અકસ્માતો થયા હતા. જેમાં કેટલાય લોકો ઘાયલ અને મૃત્યુ પામ્યા હતા. આ અંગેના અહેવાલો પ્રસિદ્ધ થતાં બિસ્માર રસ્તાનુ કામ શરૂ થતાં આસપાસના ગામોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. હાલ આ રસ્તો જાંબુઘોડાથી ખાખરીયા સુધીનો બની જવા પામેલ છે. અને હવે જાંબુઘોડાથી કકરોલીયાનો રસ્તો નવો બનવાનુ શરૂ કરવામાં આવ્યુ છે. જે ઝડપી દિવસોમાં પુર્ણ થશે ત્યારે ગ્રામજનો દ્વારા રસ્તો તકલાદી ન બને તે માટે દેખરેખ પણ રાખવામાં આવી રહી છે.

## ગોધરા તાલુકાના કાકણપુર નજીક પાનમ કેનાલમાં ગાબડું પડતા પાણીનો વેડફાટ

ગોધરા,
પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના કાકણપુર નજીક પાનમ કેનાલમાં ગાબડું પડતા ખેડુતો મુશ્કેલીમાં મુકાયા છે. કેનાલમાં ગાબડું પડવાના કારણે હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો હોવાના આક્ષેપો સાથે ખેડુતોમાં રોષ જોવા મળ્યો હતો.

ગોધરા તાલુકાના વેગનપુર નજીક શિવપુરી ગામ પાસેથી પસાર થતી પાનમ માઈનોર કેનાલમાં ગાબડું પડતા વિસ્તારના ખેડુતો મુશ્કેલીમાં મુકાયા છે. કેનાલ તુટવાના કારણે મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થઈ રહ્યો છે. પાણીનો બગાડ અટકાવવા માટે ખેડુતોએ પોતે પારા બાંધવાની કામગીરી હાથ ધરી હતી. જો કે લાખો રૂપિયાના ખર્ચે પાનમ પાઈનોર કેનાલની સફાઈ અને મરામતની કામગીરી છ મહિના પહેલા જ કરવામાં આવી હતી. આ રેતી ભ્રષ્ટાચારના ગાબડા પડ્યા હોવાનુ સામે આવ્યુ છે. ખેડુતો પાક સારા પ્રમાણમાં લઈ શકે તે માટે પાનમ વિભાગ દ્વારા આગામી તા.૨૦ સુધી કેનાલ મારફતે સિંચાઈનુ પાણી આપવા માટેની જાહેરાત કરવામાં આવી છે. અને પાનમ વિભાગના પાપે પાણીનો મોટો પ્રમાણમાં બગાડ થઈ રહ્યો છે.

## ગોધરામાં ચેક રિટર્ન કેસમાં આરોપીને ત્રણ માસની સાદી કેદની સજા

ગોધરા,
ગોધરાની સતનામ ફાયનાન્સના નામથી નાણાં ધિરનારનો વ્યવસાય કરતા લલિત રામચંદ્ર ઠાકવાણીએ ગોધરા કોર્ટમાં ધી નેગોશિએબલ ઈન્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો કેસ ગોધરાની કોર્ટમાં દાખલ કર્યો હતો. જેમાં આરોપી ધર્મેશ પટેલ (રહે.અંકલેશ્વર મહાદેવ રોડ ગોધરા)એ સતનામ ફાયનાન્સમાંથી ચેક પર રૂ.૧૧ લાખ હાથ ઉછીણા પેટે લીધેલા હતા. સિક્યુરિટી પેટે આપેલા ચેક લલિત ઠાકવાણીએ બેંકમાં રજુ કરતા જે ચેકો રિટર્ન થયા હતા. તેઓએ આપેલ નાણાં પરત મેળવવા માટે ગોધરાની નામદાર કોર્ટમાં ચેક રિટર્નનો કેસ દાખલ કરતા કોર્ટે ફરિયાદીના વકીલ એ.આર. દવેની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી ધર્મેશ કાળીદાસ પટેલને ત્રણ માસની સાદી કેદની સજા અને ફરિયાદીને વળતર પેટે રૂ.૬ લાખ ચુકવવાનો આદેશ કર્યો હતો.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલીયા સુમિત્રાબેન ભારૂભાઈ
તરફથી અભીનંદન....
મુ. બાંઘડવા,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
યુનુસભાઈ અલીહુસૈનભાઈ
તરફથી અભીનંદન....
મુ. પટવાણ,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત આરીફભાઈ ઈસુબજી
તરફથી અભીનંદન....
મુ. કાલીયાવાડ,
તા. ધાનપુર,
જી. દાહોદ